# One Day International Conference

*On*

# Recent Trends in Multidisciplinary Research

**Organized by**

Smt. H. B. Jasani Arts and Shri N. K. Jasani Commerce College, Rajkot

on 2nd March 2024

## Certificate

*This is to certify that Dr./Prof./Mr./Ms.* Mr. Mehulkumar Navinbhai Patel *of* Bhavan's Shree A.K. Doshi Mahila College Jamnagar *has participated/presented a paper entitled* ગુજરાતમાં ગ્રામીણ ઈ-કોમર્સ વિહંગાવલોકન - તકો અને જોખમો *His/Her active participation in the Conference is highly* ...*ed.*

...nam Joshi

...inator

Dr. Falguni C. Shastri

Principal, Jasani College

Scanned with OKEN Scanner

# Atmaj

# Academic Research Journal

An International Peer-Reviewed Research Journal

ISSN: 2348 - 9456

Impact Factor 5.880





Volume-21, Issue -13, Jan.-June - 2024



**Editor-In-Chief**

**Dr. Dilkhush Patel**



Scanned with OKEN Scanner

## EDITORIAL BOARD

### Editor – in - Chief

**Dr. Dilkhush U. Patel**
**Principal**
**V.N.S. Bank Ltd. Arts and Commerce College**
**Vadnagar 384355**

### Executive Publisher & Managing Editor

**Dr. Dilkhush U. Patel**
**Chief Editor & Publisher**
**Vadnagar**
**Gujarat (India)**

### Associate Editor

**Dr. Prakash R. Patel**
**Associate Professor and Head**
**Department of Economics**
**V.N.S. Bank Ltd. Arts and Commerce College**

**Dr. Dinesh N. Patel**
**Assistant Professor and Head**
**Department of Commerce**
**V.N.S. Bank Ltd. Arts and Commerce College**

### Advisory Editors

**Prof. (Dr.) Nirnjan P. Patel**
**In-charge Vice Chancellor**
**Sardar Patel University, V.V.nagar**

**Dr. D. B. Rathva**
**Professor and Head**
**Department of Sanskrit and Bharatiya Vidya**
**Hemchandracharya North Gujarat University, Patan**

**Dr. M. J. Viradiya**
**Department of Sanskrit**
**Smt. A. P. Arts and N. P. Patel Commerce College, Naroda**



Scanned with OKEN Scanner

ISSN: 2348-9456
Impact Factor: 5.880

## Content of the Table



| Sr. No. | Title of the Paper | Author | Page No. |
|---|---|---|---|
| 1 | Implementing Total Quality Management for Enhanced Services in Academic Libraries | Pankaj S. Makwana | 1 |
| 2 | साइबर अपराध:खतरों से बचाव एवं विश्वास निर्माण | डॉ सुष्मा एस कोठारी | 5 |
| 3 | "पत्रकारत्व के क्षेत्र में डॉ.अम्बेडकर का योगदान" | जागृति पी.सादिया | 10 |
| 4 | THE SUSTAINABLE DEVELOPMENT VALUES IN YOUTH | Dr.Urvi Girishbhai Amin | 15 |
| 5 | Bloom's Taxonomy – A Review | Mr. Bhavin Joshi<br>Dr. Navjyot Raval | 21 |
| 6 | મત્સ્ય ઉદ્યોગક્ષેત્રે ટકાઉ આર્થિક વિકાસના લક્ષ્યાંકોનો અભ્યાસ | નયનકુમાર જી. ટંડેલ<br>ડૉ. વિનોદભાઇ એન. પટેલ | 25 |
| 7 | શ્રી રામ - અયોધ્યા | જયશ્રી બી. કુગશીયા | 30 |
| 8 | "रामचरित मानस की आधुनिक युग में प्रासंगिकता" | डॉ. मालती बी. पांडेय | 34 |
| 9 | "વસુધૈવ કુટુમ્બકમ્"વૈશ્વિક સંદર્ભમાં પ્રાચીન ભારતનો વારસો | ડૉ.વિલાસબેન.પી.સોરઠિયા | 38 |
| 10 | 'સૌરાષ્ટ્રની રસધાર'માં વિલક્ષણ નારીચિત્રણ | પ્રા.ડૉ. ઊર્મિલા એન. પટેલ | 41 |
| 11 | ભૂંગા ઘરનું કલા-સ્થાપત્ય : ઐતિહાસિક અધ્યયન | ડૉ.વિનોદ બથવાર | 48 |
| 12 | Personal Financial Planning of Salaried Employees - A Greater Challenge in 21st Century | Bhavna J. Vyas | 52 |
| 13 | ગુજરાતમાં ગ્રામીણ ઇ કોમર્સ વિહંગાવલોકન -તકો અને જોખમો | પ્રા. મેહુલકુમાર નવીનભાઈ પટેલ | 54 |
| 14 | ISSUES AND CHALLENGES IN INDIAN EDUCATION SYSTEM | Dr. Brijesh H Valand | 57 |
| 15 | "જૂનાગઢનો મુક્તિ સંગ્રામ-એક અધ્યયન" | Dr. BHARATBHAI BOGHABHAI RATHOD | 61 |
| 16 | Persepctive of Vocal To Local | Dr. Bhupendra Jeevabhai Chavda | 66 |
| 17 | ૨૧મી સદીમાં ભારત સામે પડકારો: સમસ્યાઓ અને સંભાવનાઓ | Parmar Gita Ranchhodbhai | 70 |
| 18 | કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો માનસિક સ્વાસ્થ્યનો અભ્યાસ" | ખોડભાયા શિલ્પા આર | 73 |
| 19 | દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખેતી કરતા ખેડુતો સ્રીઓ અને પૂરૂષોના માનસિક સ્વાસ્થ્યનો અભ્યાસ | ખોડભાયા સંધ્યા આર. | 78 |
| 20 | વિવિધ શારીરિક પ્રવૃત્તિઓની તાલીમ દ્વારા લોહીના દબાણ પર થતી અસરનો અભ્યાસ | મનિષા ગામિત | 84 |
| 21 | Contribution of Tourism Sector to India's Economic Growth: An Overview | SHWETA BHARATI | 89 |





Scanned with OKEN Scanner

ISSN: 2348-9456
Impact Factor: 5.880

# ગુજરાતમાં ગ્રામીણ ઇ કોમર્સ વિહંગાવલોકન -તકો અને જોખમો

પ્રા. મેહુલકુમાર નવીનભાઈ પટેલ
સરકારી વિનયન,વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખેરગામ તા-નવસારી

સારાંશ........

ભારત ખેતી પ્રધાન દેશ છે. ભારતની મહત્તમ વસ્તી ગામડાઓમાં વસવાટ કરે છે ત્યારે ગ્રામીણ કારીગરો અને ખેડૂતોના વિકાસ માટે ડિજિટલ સાક્ષરતા તથા રોજગારીના સર્જન માટે ઇ કોમર્સ નવીન તકો પૂરી પાડે છે. ગ્રામીણ વિકાસમાં કેટલાક અવરોધો જેવા કે માળખાકીય સુવિધાઓનો અભાવ, ઈન્ટરનેટ સેવાની ખામી તથા પરિવહન સેવાનો અભાવ બાધારૂપ બને છે. ગ્રામીણ ઇ-કોમર્સ સમાવેશી અને સમાન વિકાસ માટે યોગ્ય તકોનો ઉપયોગ કરી પડકારો સાથે સંતુલન સાધી શકે છે.

પરિચય-

ગુજરાતનાં વૈવિધ્યસભર ભૂગોળ અને સામાજિક સમુદાયોમાં ગ્રામીણ સમાજમાં સામાજિક પરિવર્તન અને ડિજિટલ શીક્ષણ વધી રહ્યું છે.ગુજરાતનો સર્વાંગી વિકાસ માટે ટેક્નોલોજી , શિક્ષણ ઉપરાંત આર્થિક વિકાસની ભવિષ્યની તકો શોધવી આવશ્યક છે. ગુજરાત વિકાસના આધારસ્તંભોને ઓળખી એમાં સતત સુધારા કરવા તથા પડકારોને ઓળખી એને દૂર કરવાના ઉપાયો શોધવા આવશ્યક છે.

ઇ કોમર્સ એટલે ઈલેક્ટ્રોનિક કોમર્સ. ઇ કોમર્સના માધ્યમથી સમગ્ર વિશ્વ એક ટેક્નોલોજિકલ છત્રછાયા હેઠળ સમ્મિલિત થયું છે.વર્તમાન સમયમાં ઇ કોમર્સે જ્યારે પ્રસાર પ્રચાર લીધો છે ત્યારે એની નકારાત્મક અસરો અને એની હકારાત્મક અસરો જાણી સમજી યોગ્ય સમયે યોગ્ય દિશા સૂચન કરવું આવશ્યક થઈ પડ્યું છે. ઇ કોમર્સ દ્વારા માહિતી વિતરણ નો ખ્યાલ અનન્ય ઊંચાઈએ પહોંચ્યો છે જ્યારે કેટલીક વાર આ ઊંચાઇ અસુરક્ષા પ્રદાન કરે છે.

પ્રસ્તુત લેખ ઇ કોમર્સની ગ્રામીણ જીવન અને જીવનશૈલી ઉપર હકારાત્મક અને નકારાત્મક અસરો જાણવાનો અને નકારાત્મક અસરો દૂર કરવાના પ્રયત્નો દર્શાવે છે.ઇકોમર્સ સંદર્ભે સોશીયલ મિડીયા તથા અન્ય માધ્યમો માર્કેટિંગના કાર્યો સાથે સમાજને ગેરરસ્તે દોરવાનું કાર્ય પણ કરે છે.

ગુજરાત પરંપરાના સમૃદ્ધ વારસા અને વૈવિધ્યસભર જીવનશૈલી માટે જાણીતું છે. ગુજરાતની વિવિધતામાં એકતા અને સમાજનાની વિવિધ સંસ્કૃતિ અને પરંપરાઓ અસમાનતા અને આર્થિક વિસંગતતા પણ છતી કરે છે.ગુજરાતમાં શહેરી વિસ્તારના અનુસંધાને ગ્રામીણ ક્ષેત્રનો વિકાસ એકંદરે ઓછો જોવ મળે છે જેના કારણોમાં ઇ કોમર્સના સાધનો તથા માળખાકીય સુવિધાઓનો અભાવ પણ જવાબદાર છે.

છેલ્લા 20 વર્ષોમાં ઇ કોમર્સમાં ધરખમ ફેરફાર થાય છે. જેનો લાભ સમગ્ર ગુજરાતને પ્રાપ્ત થયો છે. ગુજરાતનાં ઉદ્યોગોના વિકાસ અને સેવાક્ષેત્રનો કાર્યક્ષમતાનો વધારો ઇકોમર્સને આભારી છે. જે વેપાર ધંધાને સરળ, ઝડપી તથા નફાકારક બનાવે છે. દેશના આંતરીક વેપારને વિશ્વ ફલક ઉપર સ્થાપિત કરી આપે છે. ગુજરાતમાં મોબાઈલ ઉપયોગનો વધારો અને લોકોની ડિજિટલ સાક્ષરતામાં વધારો જેણે ઇ કોમર્સના વ્યાપને વધાર્યો છે અને ભારત ઇ કોમર્સનું કેન્દ્રબિંદુ બન્યું છે.

ગુજરાતમાં હજુ પણ ઇ કોમર્સ નો વ્યવસ્થિત ઉપયોગ વેપાર ધંધાને સફળતાની ટોચ ઉપર સ્થાપિત કરી શકે છે પરંતુ એના માટે ઉદ્યોગોની ચીવટતા ઉપરાંત ગ્રાહકોનું ડિજિટલ જ્ઞાનની જિજ્ઞાસા અતિ આવશ્યક થઈ પડે છે. ગુજરાતમાં ઇ કોમર્સની શું તકો છે તથા તેની સામે કયા પડકારો ઉપસ્થિત થાય એમ છે તે માટે નીચેના મુદ્દાઓની ચર્ચા કરીએ........



Scanned with OKEN Scanner

ISSN: 2348 9456
Impact Factor: 5.880

ની ગ્રામીણ ઇ-કોમર્સ તકો-

ગ્રામીણ કારીગરોનો સમાવેશ-

ગુજરાતનું ગ્રામ્ય જીવન ભાતિગળ સંસ્કૃતિ સાથે પરંપરાગત ગૃહ ઉદ્યોગો , હસ્તકલાઓ તથા ભરતકામ અને હાથ વણાટ નું ઉત્કૃષ્ટ ધરોહર છે.નાના કારીગરોની કારીગરી સીમિત વિસ્તાર પૂરતી મર્યાદિત બની રહી હતી પરંતુ ઇકોમર્સના આગમને નાના કારીગરોને વિશ્વ ફલકે સ્થાપિત કરી દીધા છે. જેવી પાટણ ના પટોળા ,કચ્છનુ ભરતકામ અને દક્ષિણ ગુજરાતની વારલી પેઇન્ટિંગની આજે સમગ્ર વિશ્વ નોંધ લઈ રહ્યુ છે.

2.ખેત બજારની સુલભતા

ગુજરાતની ખેતી ભાતીગળ મહત્વ ધરાવે છે. ગુજરાતના સીમાંત ખેડૂતો શોષણનો ભોગ નહીં બને એટલા માટે નાના ખેડૂતો ડાયરેક્ટ સીધા ગ્રાહકોને પાક વેચી શકે અને મહત્તમ કિંમત પ્રાપ્ત કરી શકે એવી વ્યવસ્થા હોવી જોઈએ. ઇ કોમર્સ નાના ખેડૂતોનો અને ગ્રાહકોનો સીધો સંપર્ક કરાવી આપે છે જેથી જે નફો વચેટિયા લઈ જાય છે એ ખેડૂતને પ્રાપ્ત થઈ શકે.

3. ખેતીમાં ટેકનોલોજી-

ખેડૂતો દ્વારા ખેતીક્ષેત્રમાં ક્રાંતિકારી સુધારા થાય છે જેમાં ઈન્ટરનેટનો ફાળો અમૂલ્ય છે. ખેતીમાં યંત્રોનો વિકાસ તો થયો જ છે પરંતુ ખેતીની શ્રેષ્ઠ પદ્ધતિ હવામાન ખાતાની આગાહી તથા બજારનું વલણ અંગેની માહિતી ઇકોમર્સ દ્વારા પ્રાપ્ત થઈ શકી છે. જે ખેડૂતોને પાક નુકશાન અને ઉત્પાદકતામાં વધારાની સૂરક્ષા આપે છે.

4 . આર્થિક વિકાસ અને રોજગારીનું સર્જન-

ઇ કોમર્સ ગ્રામીણ રોજગારી અને આર્થિક ઉપાર્જન માટે નવીન તકોનું સર્જન કરે છે. ગ્રામીણ ખેડૂતો દ્વારા ગ્રાહકોના સીધા સંપર્કના કારણે વિતરણ, ડિજિટલ માર્કેટિંગ તથા પેકેજિંગ જેવી વધારાની સેવાઓથી નવી રોજગારીની તકોનું સર્જન થઈ શકસે. ઇ-કોમર્સની આ સેવાઓ રોજગારીની તકો અને આર્થિક વિકાસમાં પોતાનો ફાળો પ્રદાન કરી આર્થિક વિકાસને વેગ આપે છે.

5. ડિજિટલ શિક્ષણ અને કૌશલ્ય વિકાસ

ઇકોમર્સના વિકાસ સાથે ડિજિટલ શિક્ષણનું મહત્વ વધવા પામ્યું છે.ડિજિટલ શિક્ષણ માટે તાલીમ વર્ગોનું આયોજન થાય અને અસરકારક રીતે ઇકોમર્સનો ઉપયોગ કરવા માટે વ્યક્તિઓ સશક્ત બને છે. ડિજિટલ શિક્ષણ ફક્ત રોજગારીના સર્જન માટેજ નહીં પરંતુ કૌશલ્ય વિકાસ માટે પણ આવશ્યક છે. વર્તમાન સમયમાં દરેક વ્યક્તિ અને દરેક સંસ્થા પોતાના અંગત વીજાણુ સાધનો રાખતી થઈ છે ત્યારે ડિજિટલ શિક્ષણનો અભાવ માણસને વર્તમાન સમય સાથે તાલ મિલાવવામાં અક્ષમ બનાવે છે.

ગુજરાતમાં ગ્રામીણ ઇ-કોમર્સ ધમકીઓ-1. ઈન્ટરનેટનું બિનકાર્યક્ષમ માળખું -

ગુજરાતમાં ઉદ્યોગોનો વિકાસ મોટા પાયા પર થયો છે. ગુજરાત વિકશીત રાજ્યની શ્રેણીમાં આવે છે પરંતુ હજુ પણ કેટલાક અંતરિયાળ ગામો વીજળી, ઈન્ટરનેટ અને માળખાકીય ભૌતિક સુવિધાના અભાવથી ઝઝૂમી રહ્યાં છે. ઇ કોમર્સના લાભો અંતરિયાળ ગામોને આપવા માટે માળખાકીય સુવિધાઓ ગામડા સુધી પહોંચે એ સુનિશ્ચિત કરવું જરૂરી છે. ગ્રામીણ વિસ્તારમાં ઈન્ટરનેટને દુરુસ્ત કરવામાં આવશે તો ગ્રામીણ અર્થતંત્ર શહેરી અર્થતંત્રની સાથે કદમ મિલાવી શકશે.

2.વિતરણ સુવિધાનો અપૂરતો વિકાસ-



Scanned with OKEN Scanner

ISSN: 2348-9456
Impact Factor: 5.880

ગુજરાતનો ગ્રામીણ વિસ્તાર હજુ પણ માળખાકીય સેવાઓના અભાવને કારણે પોતે ઝડપથી વિકાસ કરવામાં અસમર્થ રહ્યો છે. ગ્રામીણ વિસ્તારોમાં રોડ રસ્તાઓ અને પરિવહન સેવાની મર્યાદાને કારણે વિતરણ સેવામાં પડકારો ઉપસ્થિત થાય છે. સપ્લાય ચેઇનને દુરસ્ત કરવાથી નાના ખેડૂતોનો માલ ગ્રાહકો સુધી સમયસર અને વિના વિલંબે પહોંચી શકશે.

3. લોક-જાગૃતિનો અભાવ-

ગુજરાતના નાના ખેડૂતો અને ગૃહ ઉદ્યોગોના કારીગરો હજુ પણ ડિજિટલ શિક્ષણ પ્રાપ્ત કરી શક્યા નથી. જેના અભાવથી નાણાંની સુરક્ષા બાબતની ચિંતા ઇકોમર્સને ગ્રામીણ પરિપ્રેક્ષ્યમાં મર્યાદિત બનાવે છે.જે માટે ડિજિટલ શિક્ષણ સેવાઓ, કાર્યશાળાઓ અને સામાજિક જોડાણના સેમિનારો યોજવા જેવી બાબતોનો સમાવેશ કરી શકે છે.

4. ડિજિટલ સુરક્ષા-

સાઇબર સુરક્ષાના કાયદાઓ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવી ,સુરક્ષિત ચુકવણી અંગે ઓનલાઈન વ્યવસ્થા કરવી અને નાની રકમ ટ્રાન્સફરના જોખમો ઘટાડવા તથા સમાપ્ત કરવા જેવા પગલાં લઈ શકાય છે.મોબાઈલ વપરાશ અને ઈન્ટરનેટ દ્વારા નાની હેરફેરને વધુ ગ્રાહકપ્રિય, સરળ અને સુરક્ષિત બનાવી ઇકોમર્સને વધુ વેગવંતું બનાવી શકાશે.

તારણો -

- ગ્રામીણ બજાર અને સેવાને ઇકોમર્સના માધ્યમથી શહેરો સાથે જોડી ગ્રામીણ ઉત્પાદકતામાં વધારો કરી શકાશે.
- સેવા તથા ઉત્પાદનના વિતરણ માટે સમાન તકો રજૂ કરી શહેરી ગ્રામીણ વિસંગતતા દૂર કરી શકશે.
- સ્થાનિક કારીગરી તથા પરંપરાગત કળાનો આર્થિક લાભ લઈ શકાશે.
- ટેકનોલોજીના સમન્વયથી ખેતી, પરંપરાગત હુનરોનો નવા ઉદ્યોગ સાહસિકતાના સ્વરૂપે સ્થાપી શકશે.
- ઇકોમર્સ બજારની તકો અને પડકારોને ઓળખી ગ્રામીણ અર્થતંત્રને સક્ષમ બનાવે છે.
- ગ્રામ્ય વિકાસ દ્વારા દેશના આર્થિક વિકાસના ખ્યાલને ચરિતાર્થ કરી શકાશે.

Reference-

anjum, d. (2011). economic and social impacts of e-commerce. *international journal of computing and corporate research*

balaji , D. N. (2013). ecommerce problems and prospects in maharastra-. *IJRCM*, 15.

Devi, D., Kalyani, D., rama krishna, M., & St.Martins . (2017). Ecommerce impact on indian Economics. *International Journal of Pure and Applied Mathematic*

Kshetri, N. (2018). rural e-commerce in Development countries. *IEEE*. doi:https://doi.org/10.1109/MITP.2018.021921657

KUMAR, D. (DECEMBER 2019). E-COMMERCE IN INDIA-CHELLENGES AND OPPOTTUNITIES. *INTERDISCPLINARY JOURNAL OF CONTEMPARARY RESEARCH*.

qureshi , s., & davis. a. (2006). The Effect of e-commerce on Devlopment. *AIS Electronic library (AISeL)*.



Scanned with OKEN Scanner

SQAC and IQAC of

# GOVERNMENT ARTS, COMMERCE & SCIENCE COLLEGE,

Kachhal, Dist.- Surat. (Gujarat)

Organize

One Day International Conference

On

# EMERGING TRENDS IN COMMERCE, MANAGEMENT, ECONOMICS, SOCIAL SCIENCE AND LITERATURE

**Date : 1st March, 2024**

## CERTIFICATE

This is to certify that Mr./Mrs./Miss./Dr. પ્રા. મેહુલકુમાર નવીનભાઈ પટેલ, સરકારી વિનયન વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, ખેરગામ, જી-નવસારી. has Participated and Presented a paper tittle "ગ્રામીણ કૃષિમાં સંચાલનની નવીન ટેકનિકસ્ પ્રોજેક્ટ મૂલ્યાંકન અને સમીક્ષા તકનીક (PERT) નું વ્યવસ્થાપન" in One Day International Conference on "EMERGING TRENDS IN COMMERCE, MANAGEMENT, ECONOMICS, SOCIAL SCIENCE AND LITERATURE" on 01st March 2024.

We highly appreciate his/her contribution for success of the conference.

...tal S. Tandel

Dr. Gunjan Shah
Convener & IQAC Coordinator

Dr. Dhvani Desai
Organizing Secretary

Dr. Vishakha Modi
Organizing Secretary

G-II-5

Scanned with OKEN Scanner

ज्ञान-विज्ञान विमुक्तये
Peer Reviewed Refereed &
Previously Listed as
UGC Journal No. 47026

ISO 9001 : 2015 QMS
ISBN / ISSN

ISSN 2319 - 359X


AN INTERNATIONAL MULTIDISCIPLINARY HALF YEARLY RESEARCH JOURNAL

# IDEAL

**Single Blind Review**

Volume - XII, Issue - II
March - August - 2024
Hindi Part - I / Gujrati Part - II

Impact Factor
2023 - 7.537
(www.sjifactor.com)



Ajanta
Prakashan

Scanned with OKEN Scanner

ISSN 2319 - 359X
AN INTERNATIONAL MULTIDISCIPLINARY
HALF YEARLY RESEARCH JOURNAL

# IDEAL

Volume - XII Issue - II March - August - 2024

HINDI PART - I / GUJARATI PART - II

Peer Reviewed Refereed &
Previously Listed as UGC Journal No. 47026

Single Blind Review

ज्ञान-विज्ञान विमुक्तये

IMPACT FACTOR / INDEXING
2023 - 7.537
www.sjifactor.com

❖ EDITOR ❖

Assit. Prof. Vinay Shankarrao Hatole
M.Sc (Math's), M.B.A. (Mkt), M.B.A (H.R),
M.Drama (Acting), M.Drama (Prod & Dirt), M.Ed.

❖ PUBLISHED BY ❖

Ajanta Prakashan
Aurangabad. (M.S.)

Scanned with OKEN Scanner

# CONTENTS OF GUJARATI PART - II



| ક્રમ નં. | શીર્ષક અને લેખક | પૃષ્ઠ નં. |
|---|---|---|
| 1 | સંસ્કૃતિ અને સાહિત્ય<br>પ્રા. ડૉ.ધનસુખભાઈ જે. પટેલ | 1-5 |
| 2 | તાપી જિલ્લામાં કેળવણી : આઝાદી પુર્વે અને પછીની સ્થિતિ અને અસરો<br>ડૉ. હિરેન ડી. કાકડીયા | 6-11 |
| 3 | પ્રવાસન ઉદ્યોગનો અભ્યાસ - નવસારી જીલ્લાના વાંસદા તાલુકા સંદર્ભે<br>ગૌતમભાઈ રામજીભાઈ ગાયકવાડ | 12-19 |
| 4 | ભગવતીકુમાર શર્મા કૃત 'સમયદ્વીપ' નવલકથામાં આંતરચેતના પ્રવાહ<br>પ્રા. આશાબેન રમેશભાઈ ઠાકોર | 20-23 |
| 5 | ગ્રામીણ કૃષિમાં સંચાલનની નવીન ટેકનિકસ્ પ્રોજેક્ટ મૂલ્યાંકન અને સમીક્ષા તકનીક (PERT) નું વ્યવસ્થાપન<br>પ્રા. મેહુલકુમાર નવીનભાઈ પટેલ | 24-28 |
| 6 | ગીતામાં આધુનિક પ્રબંધકના સુત્રો<br>Mr. Sahil Patel | 29-33 |
| 7 | 'સમુદ્રાન્તિકે' નવલકથામાં આલેખાયેલ દરિયાકાંઠાનું સમાજજીવન<br>Thorat Rinaben Khushalbhai | 34-39 |
| 8 | મધ્યકાલીન ભારતમાં ટેક્ષટાઇલ ઉદ્યોગમાં કાપડબનાવવાની પદ્ધતિનો થયેલો વિકાસ<br>પટેલ જગદીશભાઇ ભગુભાઈ | 40-44 |
| 9 | મળેલા જીવ : "વેદનાને જીરવી ગયેલા 'બે જીવ' ની પ્રણયગાથા"<br>Dr. Jayshri S. Patel | 45-51 |
| 10 | ભારતમાં સ્ત્રીનો બદલાતો દરજ્જો<br>Avinashbhai Amarsing Vasava | 52-56 |
| 11 | જનરેશન ગેપને વાચા આપતું ગુજરાતી ફિલ્મ – ટીશર્ટ બુશર્ટ<br>અશ્વિનકુમાર કે. અવૈયા | 57-60 |
| 12 | નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) - 2020 અંતર્ગત શાળા અને ઘરની ભૂમિકા<br>ડો. રાજેશકુમાર જી. ચૌધરી | 61-65 |
| 13 | E-Commerce in India<br>Dr. Maheshbhai M. Damor | 66-72 |





Scanned with OKEN Scanner

VOLUME - XII, ISSUE - II - MARCH - AUGUST - 2024
IDEAL - ISSN - 2319 - 359X - IMPACT FACTOR - 7.537 (www.sjifactor.com) AP - 4

# 5. ગ્રામીણ કૃષિમાં સંચાલનની નવીન ટેકનિકસ્ પ્રોજેક્ટ મૂલ્યાંકન અને સમીક્ષા તકનીક (PERT) નું વ્યવસ્થાપન

પ્રા. મેહુલકુમાર નવીનભાઈ પટેલ
સરકારી વિનયન વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, ખેરગામ, જી-નવસારી.

સારાંસ

કૃષિક્ષેત્ર ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ છે. ખેત-ઉત્પાદક દ્વારા ઉત્પાદિત દરેક વસ્તુ ત્યારેજ બજારમાં પોતાનું સ્થાન બનાવી શકે જ્યારે પેદાશ ગ્રાહક સંતુષ્ટિમાં વૃદ્ધિ કરતું હશે. આજના હરીફાઈયુક્ત બજારમાં ગુણવત્તા અંકુશ સંચાલન ધંધાકીય એકમ માટે ખૂબ મહત્વનું કાર્ય છે.માલસામાન, કર્મચારીઓ, મશીનરીઓ, પદ્ધતિઓ, રોકડ, મૂડી, પેકિંગ, કિંમત, કાર્યસ્થળ વગેરે બાબતો ધંધાની દશા અને દિશા નક્કી કરતાં હોય છે જેથી ખેત ઉત્પાદનમાં અંકુશ વ્યવસ્થાપનની પર્ટ પદ્ધતિ અપનાવી સંશાધનનોનો કાર્યક્ષમ ઉપયોગ કરી શકાય.

## પ્રસ્તાવના

સંચાલનમાં  આયોજન પ્રથમ પગથિયું છે જે ધંધાના ધ્યેયને લક્ષમાં રાખી પૂર્વનિર્ધારિત થતું હતું હોય છે. પરંતુ આયોજન ત્યારેજ સફળ બને છે જ્યારે અંકુશનું કાર્ય કાર્યક્ષમ રીતે થતું હોય. આયોજન અને અંકુશ બંને એકબીજાના પૂરક જોડિયા બાળકો છે.

### અંકુશ

"આયોજન રસ્તો નક્કી કરે છે, તો અંકુશ એ રસ્તેથી વિચલન તપાસે છે અને એવા પગલાં લે છે કે જેથી પસંદ કરેલ રસ્તે અથવા યોગ્ય રીતે બદલેલ રસ્તે પાછા ફરી શકાય."

-શ્રીમતિ મેરી કુશીંગ નાઈલ્સ

અંકુશનો ખ્યાલ આયોજનમાં આવેલ વિચલનમાં સુધારા વધારા કરી કાર્યને ફરીથી આયોજન મુજબ થાય એ નિશ્ચિત કરવાનું છે. પ્રસ્તુત લેખમાં ગ્રામ્ય વિસ્તારમાં આર્થિક મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરી ખેતીક્ષેત્રમાં થતાં સંશાધનના બિનજરૂરી બગાડને અટકાવવાનો છે તથા ખેતી ક્ષેત્રમાં સંચાલનની પર્ટ પદ્ધતિ સ્થાપિત કરી ઉત્પાદનની ગુણવત્તા અને ઉત્પાદકતા વધારવાનો માર્ગ બતાવવાનો પ્રયાસ કરેલ છે.



Scanned with OKEN Scanner

ગ્રામીણ ખેતી ભારતની જીવાદોરી છે, તેમાં ગ્રામીણ વિસ્તારોના પાક અને પશુધન ઉછેરનો સમાવેશ થાય છે. કુટુંબની માલિકીના ખેતરો, ખેતી પદ્ધતિઓ અને સ્થાનિક અર્થતંત્ર એકબીજા સાથે જોડાયેલા છે. ગ્રામીણ કૃષિ આજીવિકાને ટકાવી રાખે છે. સમુદાયની એકતાને પ્રોત્સાહન આપે છે રોજગારી પૂરી પાડે છે અને ખાદ્ય સુરક્ષા પ્રદાન કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. ગ્રામીણ કૃષિની મર્યાદામાં પર્યાવરણીય અનિશ્ચિતતા, બજારમાં ભાવ વધઘટ અને આધુનિક તકનીકોની મર્યાદિત પહોંચનો સમાવેશ થાય છે. આ પડકારો હોવા છતાં, ગ્રામીણ કૃષિ ખાદ્ય ઉત્પાદન, આર્થિક સ્થિરતા અને વિવિધ પ્રદેશોમાં સાંસ્કૃતિક વારસાને જાળવવા માટે મહત્વપૂર્ણ છે.

ગ્રામીણ કૃષિ વસ્તીના નોંધપાત્ર ભાગ માટે આજીવિકા પૂરી પાડે છે. ગ્રામીણ કૃષિની મુખ્ય લાક્ષણિકતાઓમાં નાના પાયાના કુટુંબની માલિકીના ખેતરો, પરંપરાગત ખેતી પદ્ધતિઓ અને પાક અને પશુધન પર નિર્ભરતાનો સમાવેશ થાય છે. આ ક્ષેત્ર આત્મનિર્ભરતા, સામાજિક એકતાને પ્રોત્સાહન આપે છે અને ગ્રામીણ વિસ્તારોમાં આર્થિક વિકાસમાં ફાળો આપે છે. ગ્રામીણ કૃષિ દ્વારા સામનો કરવામાં આવતા પડકારોમાં આધુનિક તકનીકોની મર્યાદા, બજારની અસ્થિરતા અને પર્યાવરણીય પરિબળોની નબળાઈનો સમાવેશ થાય છે. આ પડકારો હોવા છતાં,ગ્રામીણ કૃષિ રાષ્ટ્રીય અર્થતંત્રનો એક મહત્વપૂર્ણ ઘટક બનવા પામ્યો છે.પ્રોગ્રામ ઇવેલ્યુએશન એન્ડ રિવ્યૂ ટેકનીક (PERT) પ્રોગ્રામ ઇવેલ્યુએશન એન્ડ રિવ્યૂ ટેકનીક (PERT) પ્રોજેક્ટ્સના આયોજન, સમયપત્રક અને નિયંત્રણ માટે માળખાગત અભિગમ છે. PERT માં પ્રોજેક્ટને વ્યક્તિગત કાર્યોમાં વર્ગીકૃત કરવો, કાર્ય નિર્ભરતા નક્કી કરવી, દરેક કાર્ય માટે જરૂરી સમયનો અંદાજ કાઢવો અને પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટેના નિર્ણાયક માર્ગને ઓળખવાનો સમાવેશ થાય છે. આ પદ્ધતિ કાર્યોના પ્રવાહ અને ક્રમની કલ્પના કરવા માટે આકૃતિઓનો ઉપયોગ કરે છે, જે અસરકારક નિર્ણય લેવામાં મદદ કરે છે.

**પ્રોગ્રામ ઇવેલ્યુએશન એન્ડ રિવ્યૂ ટેકનીક (PERT લક્ષણો-**

- આયોજન અને અંકુશ
- પ્રવૃત્તિઓનું વિભાજન
- ઘટના
- પરસ્પર સંબંધ
- અપેક્ષિત સમય
- સામે સાથે સંબંધ
- ચાર્ટ દ્વારા રજૂઆત
- કટોકટીપૂર્ણ માર્ગ



Scanned with OKEN Scanner

ગ્રામીણ ખેતી સાથે પર્ટ પદ્ધતિનું આયોજન

આયોજન અને અંકુશ

ખેતીઉત્પાદન માટે લાગુ કરવામાં આવનાર પાકો અને અગાઉથી પ્લાનિંગ નક્કી કરી તે માટેની વિચારણા અગાઉથી થતી હોવાથી જેમ કે પાક માટે કઈ મોસમ અનુકૂળ છે, બજારની પરિસ્થિતિ કેવી છે તથા પાક માટે આવશ્યક ખાતર,પાણી,સાધનો ,મજૂરોની વ્યવસ્થા તથા નાણાકીય સુવિધાની વિચારણા કરવી આવશ્યક છે. અગાઉથી આયોજન ના હશે તો પાક આયોજન વ્યવસ્થિત થઈ શકશે નહિ જેથી બે પાકો વચ્ચે ફાજલ સમયગાળો વધી શકે છે.

પ્રવૃત્તિઓનું વિભાજન

પાક ઉત્પાદન માટે કરવાની જુદી જુદી પ્રવૃત્તિ જેવી કે બિયારણ તૈયાર કરવું, ખેડ, વાવણી, પાણી, નિંદામણ, લણણી વગેરે બાબતે પ્રવૃત્તિઓનો ક્રમ લિસ્ટ બનાવી વ્યવસ્થાતંત્રનું આયોજન કરવું જેથી કામગીરી બેવડાય નહી અને પડતર મહત્તમ ઘટાડી શકાય.

ઘટના

સંપૂર્ણ ગુણવત્તામાં કાર્ય પૂર્ણ થવાને ઘટના તરીકે ઓળખવામાં આવે છે.ઘટના ન્યૂનતમ સમયમાં થાય અને ગુણવત્તામાં ફેરફારને અવકાશ ના હોય એ બાબત ધ્યાન રાખવી અનિવાર્ય છે.

પરસ્પર સંબંધ

ખેત પેદાશમાં વાવણીથી લઇને કાપણી સુધીના દરેક કાર્યો એકબીજાથી સંકળાયેલા છે.ઘટનાની શરૂઆતમાં જો કોઈ ત્રુટિ આવશે તો એની અસર છેક પાક ઉત્પાદન ઉપર થવાની છે.જેથી બીયારણ,ખેડ,પાણી અને આ તરમાં રાખવામાં આવેલ તકેદારી પાક ઉત્પાદનની ગુણવત્તા પર સકારાત્મક અસર ઉપજાવી શકશે.

અપેક્ષિત સમય

ખેત ઉત્પાદનના દરેક પાકોના પાકવાનો સમય અને સિઝન બંને નક્કી હોય છે પરંતુ કેટલીક વાર પાકની મોડી રોપણી ઉત્પાદનનો સમય વધારી દે છે જ્યારે ગુણવત્તામાં પણ નકારાત્મક અસર આપે છે. સમયસર આયોજન મુજબ રોપવાની,પાણી પીવડાવવાની તથા કાપણીની માવજત કરવામાં આવે તો ઉત્પાદકતા અને ગુણવત્તા ચોક્કસ વધારી શકે છે.

સમય સાથે સંબંધ

ઉત્પાદન સમય અને રોપવાનો સમય નક્કી જ હોય છે અને તેજ મોસમ પાકના વિકાસ તથા વૃદ્ધિ માટે અનુકુળ હોય છે.જો સમયાનુસાર રોપણી થાય તો પાકનો વિકાસ અને વૃદ્ધિ યોગ્ય રીતે થાય છે. પાકને

...જેમ કે જંતુ, ઉપદ્રવ કે રોગો ન્યૂનતમ આવે છે. સમયસર લણણી પાક ઉત્પાદનની ગુણવત્તા જાળવી ...નુકસાનની માત્રા ઘટાડી દે છે.

ચાર્ટ દ્વારા રજૂઆત

ચાર્ટ પદ્ધતિ દ્વારા ન્યૂનતમ સમયગાળામાં પાક ઉત્પાદન લઈ શકાય, બગાડ ન્યૂનતમ થાય એ હેતુ સિદ્ધ કરવા તથા કર્મચારીઓમાં આયોજનનો વિચાર રજૂ કરવા માટે ચાર્ટ સ્વરૂપે રોડ મેપ રજૂ કરે છે જે સમજવામાં સરળ અને વધુ અસરકારક હોય છે.

કટોકટીપૂર્ણ માર્ગ

સંભાવનાનો કટોકટીપૂર્ણ માર્ગનો ખ્યાલ સમયાંતરે કરવા પડતાં મોટા બદલાવ સાથે નિસ્બત ધરાવે છે.જે સંદર્ભે ખેતીક્ષેત્રમાં મોટા બદલાવ, ખેતપેદાશની નવીન પદ્ધતિઓ તથા ખેતી કાર્ય માટેના નવી ટેકનોલોજીના મશીનનો ઉપયોગ વગેરેની ચર્ચા કરે છે.

તારણો

- ગ્રામીણ કૃષિ વ્યવસ્થાપનમાં કાર્યક્રમ મૂલ્યાંકન અને સમીક્ષા તકનીક (PERT) પદ્ધતિનો સ્વીકાર અને અમલીકરણ કૃષિ પદ્ધતિઓમાં કાર્યક્ષમતા, ઉત્પાદકતા અને એકંદર ટકાઉપણું વધારવામાં સહાયક સાબિત થશે..
- ગ્રામીણ કૃષિ વ્યવસ્થાપનમાં PERT ની મુખ્ય શક્તિઓમાં આયોજન માટે વ્યવસ્થિત અભિગમ પ્રદાન કરવાની તેની ક્ષમતામાં રહેલી છે. જટિલ કૃષિ પ્રોજેક્ટ્સને નાના, વ્યવસ્થાપિત કાર્યોમાં વિભાજીત કરીને, સમય, સંસાધનો અને નિર્ભરતાના વધુ ચોક્કસ અંદાજ માટે આયોજન આપે છે. આ આયોજન માત્ર સંસાધનોની અસરકારક ફાળવણીની સુવિધા જ નહીં પરંતુ અનિશ્ચિતતા સાથે સંકળાયેલા જોખમોને પણ ઘટાડે છે, જે ગ્રામીણ ખેડૂતોને પડકારોનો વધુ નિપુણતાથી સામનો કરવા માટે સક્ષમ બનાવે છે.
- PERT એ સંસાધનોના મહત્તમ ઉપયોગમાં તેની અસરકારકતા દર્શાવે છે, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં સામાન્ય રીતે જોવા મળતા મર્યાદિત સંસાધનોના સંદર્ભમાં. નિર્ણાયક માર્ગો ઓળખવા અને કાર્યોને પ્રાથમિકતા આપવા પર પદ્ધતિનો ભાર ખેડૂતોને તેમના સંસાધનોને વિવેકપૂર્ણ રીતે ફાળવવા માટે સક્ષમ બનાવે છે. તે સુનિશ્ચિત કરે છે કે આવશ્યક પ્રવૃત્તિઓ સમયસર અને બજેટની મર્યાદાઓમાં પૂર્ણ થાય. આ વ્યૂહાત્મક સંસાધન વ્યવસ્થાપન ગ્રામીણ કૃષિ સાહસોની આર્થિક સદ્ધરતા માટે જરૂરી છે.
- ગ્રામીણ કૃષિમાં નિર્ણય લેવાની પ્રક્રિયાઓમાં સુધારો કરવામાં PERTની ભૂમિકાને વધુ પડતી નકારી શકાય નહીં. પ્રોજેક્ટ સમયરેખા અને પરસ્પરાવલંબનનું દ્રશ્ય પ્રદાન કરીને, PERT ખેડૂતો

[illegible] અને પ્રોજેક્ટ વ્યૂહરચના અને કૃષિ વ્યવસ્થાપન [illegible] ગ્રામીણ કૃષિ પ્રણાલીઓની અનુકૂલનક્ષમતા [illegible] પર્યાવરણીય અને આર્થિક [illegible]

[illegible]

[illegible] ગ્રામીણ [illegible] આર્થિક,સામાજિક અને ટેક્નોલોજિકલ દ્રષ્ટિએ [illegible]

**Bibliography**


- ડૉ. ડી. જી. શાહ, (2022-23) વાણિજ્ય સંચાલન 2, બી. એસ. શાહ, પબ્લિકેશન અમદાવાદ.
- ડૉ. ડી. જી. શાહ, (2020-21) વાણિજ્ય સંચાલન , બી. એસ. શાહ પ્રકાશન અમદાવાદ.